# 01

January

| FRI | SAT | SUN |
| --- | --- | --- |
| 1 | 2 | 3 |
| 8 | 9 | 10 |
| 15 | 16 | 17 |
| 22 | 23 | 24 |
| 29 | 30 | 31 |

Reminders

હું નિત્ય અકર્તા છું.

હે પરમાત્મા, આપ મારી સામે પ્રગટ થાઓ. મારા માટે વહેલું જ્ઞાન પ્રગટ કરો.

પૂર્વે સાંભળેલા જ્ઞાનને હું (ભુલાઈ ન જાઉં) પ્રગટ થાઓ. આ સ્વાધ્યાયશીલ પ્રવૃત્તિથી હું દિન-રાત એક કરી દઉં.

પ્રભુ મારી, આચાર્યની રક્ષા કરે. ત્રિવિધ તાપ શાંત થાઓ.

| UN | MON | TUE | WED | THU |
|---|---|---|---|---|
| 3 | 4 | 5 | 6 | 7 |
| 10 | 11 | 12 | 13 | 14 |
| 7 | 18 | 19 | 20 | 21 |
| 4 | 25 | 26 | 27 | 28 |
| 1 | | | | |

***Safe digital transactions start with you.***

# 02

## February

અક્ષમાલિકોપનિષદ

Reminders

| MON | TUE | WED |
| --- | --- | --- |
| 1 | 2 | 3 |
| 8 | 9 | 10 |
| 15 | 16 | 17 |
| 22 | 23 | 24 |

**8**

આ લોકમાં ૭ કરોડ મંત્રો છે અને જે ચોસઠ કલાસ્વરૂપ વિદ્યાઓ છે. તેમને નમસ્કાર કરું છું તેમની શક્તિઓ મારામાં પ્રતિષ્ઠિત થાવ.

**15**

બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર ને વારંવાર નમન છે, તેમના પરાક્રમ ને નમસ્કાર છે, તેમનો પરાક્રમ-પુરુષાર્થ મારામાં સ્થિર થાઓ.

**22**

શૈવ, વૈષ્ણવ, શાક્ત સેંકડો અને હજારો ની સંખ્યા માં છે. તેમને નમસ્કાર છે. તે બધા ભગવાન (શક્તિશાળી) અમારા પર કૃપા કરે, અનુમોદન કરે.

| 'ED | THU | FRI | SAT | SUN |
|---|---|---|---|---|
| 3 | 4 | 5 | 6 | 7 |

હે ભગવતી મંત્રમાતૃકા ! હે અક્ષમાળા ! તમે બધાંને પોતાના વશમાં
કરનાર છો; તમને નમન-વંદન છે. હે મંત્રમાતૃકે ! હે અક્ષમાલે ! તમે બધાની
ગતિને સ્થંભિત કરનાર ઉચ્ચાટન અર્થાત વિક્ષિપ્ત કરનાર છો, તમને
પ્રણામ છે. હે મંત્રમાતૃકા ! હે અક્ષમાલા ! તમે બધાના મૃત્યુસ્વરૂપ
અને મૃત્યુંજય સ્વરૂપિણી છો અને તમે બધાંને ઉદ્દીપ્ત કરનારી છો.

| 10 | 11 | 12 | 13 | 14 |
|---|---|---|---|---|

એની સાથે જ તમે બધા લોકોની રક્ષા કરનારી સમગ્ર વિશ્વની પ્રાણદાત્રી,
સઘળું ઉત્પન્ન કરનારી, દિવસ અને રાત્રિની પ્રવર્તક અને બધા જ નદીઓ,
બધા જ દેશ, દ્વીપો અને લોક માં સંચરણ કરવાની શક્તિ ધરાવનારી છો.
બધા જ રચનો માં તમે વિરાજમાન છો અને હૃદય માં સ્ફુરણા રૂપે
સતત પ્રકાશિત થનારી, બધા જ પ્રાણીઓનાં હૃદયમાં નિવાસ કરો છો,

| 17 | 18 | 19 | 20 | 21 |
|---|---|---|---|---|

પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી વગેરે જે વાણી છે, તમે તેમનું જ
સ્વરૂપ છો. સઘળાં તત્વરૂપોને ધારણ કરનારી, સર્વ વિદ્યા, બધા જ
શક્તિઓના અધિષ્ઠાત્રી, બધા દેવગણો ની આરાધ્યા છો. તમે
વશિષ્ઠમુનિ દ્વારા સેવાયેલાં એવા તમને વારંવાર પ્રણામ છે.

| 24 | 25 | 26 | 27 | 28 |
|---|---|---|---|---|

***Safe digital transaction can be done from safety of your home.***

# 03

March

અક્ષ્યુપનિષદ

Reminders

| MON | TUE | WED |
| --- | --- | --- |
| 1 | 2 | 3 |
| 8 | 9 | 10 |
| 15 | 16 | 17 |
| 22 | 23 | 24 |
| 29 | 30 | 31 |

સર્વમ્ એકજ શાંત અનંતમ્ ધ્રુવમ અવ્યયમ્ ।
પશ્યન ભૂતાર્થ ચિદ્રૂપં શાંત આસ્વ યથાસુખમ્ ॥
અવેદનં વિદુર્યોગં ચિત્તક્ષયમ્ કૃત્રિમમ્ ।
યોગસ્થ: કુરુ કર્માણિ નિરસો વાથ મા કુરુ ॥.

આપ બધા પ્રાણીઓને એક, આત્મા શાંત અનંત ધ્રુવ, અચલ તથા તત્વજ્ઞાન થી ચૈતન્યરૂપ જાણી, શાંતિ અને સુખપૂર્વક રહો.
અવેદન એટલે આત્મા પરમાત્મા સિવાય બીજા કોઈના આભાસ ન થાય એનું નામ યોગ છે. તેજ ખરો વિજ્ઞાન છે. તેથી યોગમાં સ્થિર થઈને કર્તવ્ય કર્મોનો નિર્વાહ કરો, કર્મ કરતાં જીવને નીરસતા - વિરક્તતા ન આવે.

અવેદન યોગ ના પ્રથમ ભૂમિકા માં અંતઃકરણ પ્રતિદિન વાસનાત્મક ચિંતન થી દૂર થતું જાય છે. જે મનુષ્યો ની ~~આ~~ અજ્ઞાત ભોગપ્રવૃત્તિઓ થી તે દૂર થતો જાય છે.

કોઈ ના ગુપ્ત રહસ્યો જાણીને ક્યારેય કહેતો નથી. તે હંમેશા પુણ્ય કર્મો માં લીન રહે છે. જે કૃત્યોથી કોઈ ભયભીત ન થાય, ઉત્તેજિત ન થાય એવાં દયા અને (સૌજન્ય) સૌમ્ય કર્મો કરે છે ભોગ અભિલાષા કરતો નથી. વાણી માં સહજ સ્નેહ અને પ્રેમ પ્રગટે છે. મૃદુ કરુણ, ઔચિત્યપૂર્ણ અને દેશ, કાળ, પાત્ર અનુરૂપ હોય છે.

| THU | FRI | SAT | SUN |
|---|---|---|---|

મન, વચન, કર્મથી શ્રેષ્ઠ પુરુષોનો સત્સંગ કરતાં જઈને જ્યાં જ્યાંથી પ્રાપ્ત થઈ શકે તેમ હોય ત્યાંથી મેળવીને સદ્ગ્રંથોનું પ્રતિદિન અધ્યયન કરે છે. ~~આ~~ ભવસાગરને પેલે પાર જવાની તે અભિલાષા કરે છે.

ત્રીજી ભૂમિકામાં તે કર્તવ્ય-~~અકં~~ અકર્તવ્યમાં નિર્ણયમાં કુશળ બની જાય છે. મદ, અહંકાર, લોભ, મોહ તેનાં ચિત્તને ડામાડોળ કરતા નથી. બાહ્ય આચરણમાં તેની સ્થિતિ હોય છે. તેનો પણ આગળ ઉપર પરિત્યાગ કરે છે.

ચોથી ભૂમિકામાં વિરક્ત થઈને સ્વાભાવિક રીતે પ્રાપ્ત થતાં સુખ-સાધનોને ભોગવતાં થકાં જીવન યાપન કરે છે. સદ્ગ્રંથોનો અભ્યાસ અને પુણ્યકર્મો કરતાં કરતાં પવિત્ર બની જાય છે. અહીં સાધક સ્વયં જ્ઞાનવાન થઈને આ સ્થિતિનો અનુભવ કરે છે.

અસંસર્ગ - સામાન્ય અને શ્રેષ્ઠ એમ બે પ્રકારનો છે.
હું કર્તા નથી, ભોક્તા નથી, બાધ્ય નથી કે નથી બાધક. આ પ્રકારની વિષયોપભોગમાં આસક્તિરહિત થવાની ભાવના જ સામાન્ય અસંસર્ગ કહેવાય છે. બધું જ પરમાત્માને આધીન છે. એવી માન્યતા રાખવી.

સુખ-દુઃખ માં મેં કરેલાં કાર્યોનું અસ્તિત્વ જ શું છે? ભોગસાધનોનો અતિસંગ્રહ એ મહારોગરૂપ છે. અને બધો જ વૈભવ એ પરમઆપત્તિરૂપ જ છે. બધા સંયોગોના અંતિમ પરિણતિ વિયોગના રૂપમાં છે. માનસિક ચિંતાઓ અજ્ઞાનગ્રસ્તોને માટે વ્યાધિરૂપ છે. બધાજ ક્ષણભંગુર પદાર્થો અનિત્ય છે. આ ભાવના એ સામાન્ય અસંસર્ગ જ છે.

**Do not share your ATM/Debit card/Credit card details with anyone.**

# 04

April

| THU | FRI | SAT |
| --- | --- | --- |
| 1 | 2 | 3 |
| 8 | 9 | 10 |
| 15 | 16 | 17 |
| 22 | 23 | 24 |
| 29 | 30 | |

Reminders

આ રીતે મહાનપુરુષોમાં નિરંતર શંકાઓ થયા કરે હું કર્તા નથી ઈશ્વર જ કર્તા છે અથવા મારા પૂર્વજન્મોમાં કરાયેલાં કર્મો જ કર્તા છે. એવું તે કહે છે. આજ તે બધા ચિંતાઓ અને શબ્દ-અર્થનાં ભાવો ને વિસર્જિત કરી દીધા પછી જ મૌન (મન-ઇન્દ્રિયોનો સંયમ) આસન (આંતરીક અવસ્થા) અને શાંતભાવ (બાહ્ય ભાવોનું વિસ્મરણ) ની પ્રાપ્તિ થાય છે. તેને શ્રેષ્ઠ સંસર્ગ કહેવાય છે.

અંતઃકરણ માં પ્રથમ ભૂમિકાનો અભ્યુદય થાય છે. તે ઉત્પન્ન થતાં જ અંતરંગ માં બાકીની ભૂમિકાઓ માટેની ભૂમિ તૈયાર થઈ જાય છે. અને બાદ માં બીજી અને ત્રીજી ભૂમિકામાં પણ સાધક કુશળતા પ્રાપ્ત કરી લે છે. ત્રીજી ભૂમિકા માં સાધક બધા જ સંકલ્પજન્ય વૃત્તિઓનો સંપૂર્ણ પરિત્યાગ કરે છે. ત્યારે તેને સર્વોત્કૃષ્ટતાના ઓજસમાં ગણાય છે. અદ્વૈતભાવની દૃઢ ભાવનાથી દ્વૈતભાવ સ્વતઃ સમાપ્ત થઈ જાય છે. આ ચોથી ભૂમિકા માં પ્રાપ્ત થયેલો સાધક આ લોક ને સ્વપ્ન ની જેમ જ સ્વીકાર કરે છે.

શરૂઆત ની ત્રણ ભૂમિકાઓ જાગૃતસ્વરૂપ છે. જ્યારે ચોથી ભૂમિકા ને સ્વપ્ન અવસ્થા કહેવાય છે. પાંચમી ભૂમિકા પ્રાપ્ત થતાં સાધક નું ચિત્ત શરદ ઋતુ માં વાદળોની જેમ વિલીન થઈ જાય છે. માત્ર સત્વ જ બાકી રહે છે. ચિત્ત વિલીન થઈ જતાં જાગતિક વિકલ્પો નો અભ્યુદય થતો

SAT SUN MON TUE WED

3 4 5 6 7

નથી. 'સુષુપ્તિ' નામની આ પાંચમી ભૂમિકા માં સમગ્ર વિભેદ શાંત
થઈ જતાં સાધક માત્ર અદ્વૈત અવસ્થા માં સ્થિર રહે છે. દ્વૈત નો અંત
થતાં આત્મબોધ થી પ્રસન્ન થયેલો સાધક પાંચમી ભૂમિકામાં જઈને
સુષુપ્તવાન (આનંદપ્રદ અવસ્થા) ને પ્રાપ્ત કરી લે છે. તે બહિર્મુખી વ્યવહાર
કરતો હોવા છતાં હંમેશા અંતર્મુખી જ રહે છે. તે થાકેલો હોય તેમ

10 11 12 13 14

હંમેશા નિદ્રાતુર જેવો દેખાય છે. આ ભૂમિકા માં કુશળતા મેળવતો
વાસનાવિહીન થઈને તે સાધક ક્રમશઃ 'તુરીય' નામની છઠ્ઠી ભૂમિકા માં
પ્રવેશ કરે છે. ત્યાં સત્-અસત્ નો અભાવ છે અહંકાર-અનહંકાર
પણ નથી હોતો. વિશુદ્ધ અદ્વૈતસ્થિતિ માં મનનાત્મક વૃત્તિથી
રહિત હોવાથી તે અત્યંત નિર્ભયતાને પ્રાપ્ત કરે છે.

17 18 19 20 21

હૃદય ની ગ્રંથિઓ ખુલી જવાથી સંશય છેદાય છે. જીવન્મુક્ત થઈને
તે ભાવશૂન્યતા જેવી સ્થિતિ માં રહે છે. નિર્વાણ પ્રાપ્તિ ન થઈ હોવા
છતાં તેની સ્થિતિ નિર્વાણપદ ને પ્રાપ્ત થયેલા સાધક જેવી હોય છે.
તે વખતે તે સ્થિર દીપક ની જેમ નિશ્ચલ રહે છે. છઠ્ઠી ભૂમિકા
પછી તે સાતમી ભૂમિકાની સ્થિતિએ પહોંચે છે.

24 25 26 27 28

વિદેહમુક્તિની સ્થિતિ ને સાતમી ભૂમિકા કહેવાય છે. આ ભૂમિકા
પરમ શાંત ની છે. તથા વાણીથી ~~અગમ્ય~~ અગમ્ય છે. તે બધી ભૂમિકાઓની
સીમારૂપ છે. ત્યાં બધી જ યોગભૂમિકાઓ સમાપ્ત થઈ જાય છે. લોકાચાર દેશાચાર
અને શાસ્ત્રાનુગમન ને છોડીને અભ્યાસ નો નાશ કરે છે. વિશ્વ, પ્રાજ્ઞ અને તૈજસ
ના રૂપમાં આ સઘળું વિશ્વ ૐકાર સ્વરૂપ જ છે. પ્રણવ ના પ્રથમ માત્રા અકાર
વિશ્વ, ઉકાર તૈજસ અને મકાર પ્રાજ્ઞરૂપ છે. સમાધિકાળ પહેલાં ખાસ

**Use only verified, secure and trusted websites and apps for online banking.**

પ્રયત્નપૂર્વક આ અંગે ચિંતન-મનન કરીને સ્થૂળ અને સૂક્ષ્મ ને ક્રમશઃ
બધું જ ચિદાત્મા માં વિલીન કરતો રહેવું. ચિદાત્મા માં સ્વ-સ્વરૂપ ને
સ્વીકારી એવો દૃઢ વિશ્વાસ કરવો કે હું જ નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત સત્યરૂપ
અદ્વિતીય, પરમ આનંદ સંદોહરૂપ અને વાસુદેવ પ્રણવ ૐકાર છું.

# 05
May

SAT SUN MON

1 2 3

હું અજ્ઞાનરૂપી અંધકારથી પર, બધા પ્રકારનાં આભાસોથી રહિત, આનંદરૂપ, મલરહિત, શુદ્ધ, મન અને વાણીથી અગોચર, પ્રજ્ઞાનઘન, આનંદસ્વરૂપ બ્રહ્મ છું એવી ભાવના કરવી.

ઇતિ શાંતિ.

Reminders

8 9 10

~~વૈતૈક્ય~~ અદ્વયતારકોપનિષદ

(૨) તે નેત્રોને બંધ કરીને કે અધખુલ્લાં રાખીને અંતર્દષ્ટિ થી ભ્રુકુટિ નાં ઉર્ધ્વસ્થાનમાં "હું ચિત્સ્વરૂપ છું" એ પ્રકારનું ભાવચિંતન કરીને સચ્ચિદાનંદ નાં તેજથી યુક્ત કૂટસ્થ (નિશ્ચલ) બ્રહ્મનું દર્શન કરી બ્રહ્મમય થઈ જાય છે.

15 16 17

તે તેજોમય ને તારક કહે છે. તેજ અદ્વય બ્રહ્મ કહેવાયું છે.

તે (તેજોમય બ્રહ્મ) ની સિદ્ધિ માટે ત્રણ લક્ષ્યોનું અનુસંધાન કરવું તેજ કર્તવ્ય છે. તે (યોગીનાં) શરીરની મધ્ય માં 'સુષુમ્ણા' નામની બ્રહ્મનાડી પૂર્ણ ચંદ્રમા ની જેમ પ્રકાશમાન છે. તે મૂલાધારથી

22 23 24

શરૂ થઈને બ્રહ્મરન્ધ્ર સુધી રહેલી છે. આ નાડીની વચ્ચે માં કોટિ-કોટિ વિદ્યુત જેવી તેજોમયી મૃણાલસૂત્ર ના જેમ સૂક્ષ્મ કુંડલિની શક્તિ પ્રખ્યાત છે. તે શક્તિનું મન દ્વારા દર્શન કરવા માત્રથી મનુષ્ય સઘળાં પાપોથી મુક્ત થઈ મોક્ષ પ્રાપ્તિનો અધિકારી બની જાય છે.

29 30 31

મસ્તક ના ઉપર ખાસ મંડળમાં નિરંતર વિદ્યમાન તેજ (પ્રકાશ) ને તારક-બ્રહ્મ નાં યોગથી જે જુએ છે. તે સિદ્ધ થઈ જાય છે. બન્ને કાનોનાં છિદ્રોને, તર્જની આંગળીઓનાં અગ્રભાગથી બંધ કરી લેતાં 'ફૂત્કાર' (સાપનાં ફૂંફાડાની જેમ) નો અવાજ સંભળાય છે. તેમાં મન ને કેન્દ્રીત કરીને

MON | TUE | WED | THU | FRI

નેત્રોની વચ્ચે નીલા રંગની જ્યોતિને અંતરદ્રષ્ટિ વડે જોતાં, અત્યાધિક આનંદની અનુભૂતિ આવે છે. આ પ્રકારનાં 'અંતલક્ષ્ય' (અંતઃકરણમાં જોઈ શકાય તેવાં) લક્ષણો નો અભ્યાસ મુમુક્ષુ (મોક્ષની અભિલાષા રાખનાર સાધક) એ કરવો જોઈએ. અન્તઃસ્થલ કુંડલિનીનાં સામર્થ્ય નું દર્શન મનવર થતાં મનમાં એવો વિશ્વાસ સ્થિર થઇ જાય છે કે સુખોમાં જે વાસ્તવિક આનંદનો સ્ત્રોત પોતાના અંદર જ છે. તેના બાહ્ય ઉપલબ્ધિઓ માટે ફરવા થવી પાપવૃત્તિઓ જરૂરત જ નથી.

હવે 'બાહ્યલક્ષ્ય' નાં લક્ષણો નું વર્ણન કરીએ છીએ. નાસિકાના અગ્રભાગ પર ક્રમશઃ ચાર, છ, આઠ, દસ, કે બાર આંગળ દૂર; નીલ અને શ્યામ રંગનું રક્તાભ આકાશ કે જે કાળા-સફેદ રંગોથી યુક્ત હોય છે તેના આકાશ તત્વને જ નિરંતર જોતા રહે છે તો વાસ્તવ માં આ જ યોગી કહેવાય છે. તે ચલાયમાન દ્રષ્ટિ થી આકાશ (શૂન્ય સ્થાન) માં જોવાથી તે જ્યોતિ કિરણો સ્પષ્ટતયા દેખાય છે. તે દિવ્ય કિરણોને જોનારો જ યોગી થાય છે. જ્યારે બન્ને ચક્ષુઓ નાં ખૂણામાં તપેલાં સોના જેવા જ્યોતિ કિરણો નું દર્શન થાય ત્યારે તેની દ્રષ્ટિ એકાગ્ર થઈ જાય છે. મસ્તક નાં ઉર્ધ્વ ભાગ માં લગભગ બાર આંગળ દૂર જ્યોતિ નું દર્શન કરનાર યોગી અમૃતત્વને પ્રાપ્ત કરી લે છે. જે મનુષ્ય ક્યાંય પણ રહીને મસ્તક નાં ઉર્ધ્વભાગમાં આકાશ જ્યોતિનું દર્શન કરે છે તે (પૂર્ણ) યોગી કહેવાય છે.

ત્યારબાદ હવે 'મધ્યલક્ષ્ય' માં લક્ષણનું વર્ણન કરે છે કે પ્રાતઃકાળે ચિત્રાદિ (વિવિધ) રંગોવાળા સૂર્ય અખંડ સૂર્યના, ચંદ્ર જેવા કે અગ્નિના જ્વાળા જેવા કે તેનાથી રહિત અંતરિક્ષ ની જેમ જુએ છે. તે તે આકાર (તદાકાર) જેવો થઇને રહે છે. ફરી તેના દર્શનાભ્યાસ થી તે ગુણરહિત 'આકાશ' રૂપ થઇ જાય છે. 'મહાકાશ' 'કાલાગ્નિ' ની માફક પ્રકાશમાન હોય છે. તત્વાકાશ સર્વોત્કૃષ્ટ

Avoid banking through public, open or free networks.

પ્રકાશ અને પ્રખર જ્યોતિ સંપન્ન હોય છે. 'સૂર્યાકાશ' કરોડો સૂર્યો જેવું હોય છે. આ રીતે બાહ્ય અને અંતરમાં પ્રતિષ્ઠિત આ 'પાંચ આકાશ' તારક બ્રહ્મનાં લક્ષ્ય છે. આ ક્રિયાવિધિ દ્વારા

# 06

June

TUE 1 WED 2 THU 3

આકાશાનું દર્શન કરનાર તેજોમય જે સમગ્ર બ્રહ્માંડ
ને કાયાને મુક્તિ પ્રાપ્તિનો અધિકારી બનાવે છે.
તારક નું વિષય જ અમનસ્ક કૂટદાતા કહેવાયું છે.
આ તારક યોગના બે વિધિઓ
બતાવવામાં આવ્યા છે. જેમાં પ્રથમ પૂર્વાર્ધ છે અને બીજો ઉત્તરાર્ધ.
પૂર્વને તારક અને ઉત્તર ને અમનસ્ક (મનશૂન્ય થવું તે)

Reminders

કહેવામાં આવ્યો છે. ~~આસક્ત~~

8 9 10

આપણી આંખોમાં તારક (કીકીઓ) દ્વારા સૂર્ય અને
ચંદ્રનું દર્શન કરીએ છીએ. જે રીતે આપણે આંખો દ્વારા (તારકોથી)
બ્રહ્મ-બ્રહ્માંડ ના સૂર્ય અને ચંદ્રને જોઈએ છીએ, તેજ રીતે
પોતાના મસ્તકરૂપ બ્રહ્માંડ ની મધ્યમાં વિદ્યમાન સૂર્ય અને
ચંદ્રનું નિર્ધારણ કરીને હંમેશાં 15 તેમનું દર્શન 16 કરવું જોઈએ 17
તથા બન્નેને એક રૂપ માનીને મન ને એકાગ્ર કરીને તેમનું
ચિંતન કરવું જોઈએ. કેમકે જો મનને આ ભાવથી યોગી-સાધક
પોતાના અંતર દૃષ્ટિ સાથે 'તારક' નું નિરંતર અનુસંધાન
કરતાં રહેવું જોઈએ.

આ 'તારક' ના બે 22 વિધિઓ 23 કહેવાઈ છે. 24
જેમાં પ્રથમ (પૂર્વ) મૂર્ત અને બીજો અમૂર્ત છે. જે ઇન્દ્રિયાંત,
અંતર (મન:ચક્ષુ) માં છે. તે મૂર્ત તારક છે. તથા જે બન્ને ભ્રકુટિઓ
ની બહાર છે; તે અમૂર્ત છે. આંતરિક પદાર્થોમાં વિવેચનમાં
સર્વત્ર મનને એકાગ્ર કરીને અભ્યાસ કરતાં રહેવું જોઈએ.
સાત્વિક દર્શનથી યુક્ત મન દ્વારા 29 પોતાનાં 30 અંત:કરણમાં
સતત નિરીક્ષણ કરતાં રહેવાથી બન્ને તારકોના ઊર્ધ્વ ભાગમાં
સચ્ચિદાનંદમય જ્યોતિરૂપ પરબ્રહ્મ નું દર્શન થાય છે. એથી
જાણી શકાય છે કે બ્રહ્મ શુક્લ-શુભ્ર તેજ સ્વરૂપ છે. તે બ્રહ્મને
મનસહિત ~~ઓ~~ નેત્રોની અંત:દૃષ્ટિથી જોઈને જાણવું
જોઈએ. અમૂર્ત તારકને પણ આજ વિધિ થી

THU FRI SAT SUN MON

3 4 5 6 7

મન: સંયુક્ત નેત્રો થી જાણી શકાય છે. રૂપદર્શન વખતે મન નેત્રોને આશ્રિત રહે છે અને બહારની જેમ અંતરમાં પણ રૂપગ્રહણ નું કાર્ય એ બે દ્વારા જ સંપન્ન થાય છે. તેથી મનના સાધનાં નેત્રો દ્વારા જ 'તારક'નો પ્રકાશ થાય છે.

જે મનુષ્ય તેના આંતરિક દ્રષ્ટિ દ્વારા બન્ને ભ્રુકુટીઓના સ્થળથી થોડા ઉપરના ભાગમાં રહેલા તેજોમય પ્રકાશનું દર્શન કરે છે તે

10 11 12 13 14

તારક યોગી હોય છે. તેની સાથે મન દ્વારા તારકનું મેળાપ કરી પ્રયત્નપૂર્વક બંને ભ્રમરોને થોડીક ઊંચાઈ પર સ્થિર કરવા. તાલુમૂળ માં ઉર્ધ્વ ભાગ માં મહાન જ્યોતિ કિરણ મંડળ આવેલું છે. તેનું ધ્યાન યોગીઓનું ધ્યેય (લક્ષ્ય) હોય છે. તેનાથી અણિમા વગેરે સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

17 18 19 20 21

યોગ-સાધક ના આંતર અને બાહ્ય લક્ષ્યને જોવાનાં સામર્થ્યવાળી દ્રષ્ટિ સ્થિર થઈ જાય છે ત્યારે તે સ્થિતિને શાંભવી મુદ્રા કહેવાય છે. આ મુદ્રાધારી ઓતપ્રોત સાગર પુરુષનાં નિવાસ સ્થળને અત્યંત પવિત્ર માનવામાં આવે છે. તથા તેની દ્રષ્ટિમાત્રથી બધા લોકો પવિત્ર થઈ જાય છે. જે આ પરમ યોગીની પૂજા કરે છે, તે

24 25 26 27 28

તેને પ્રાપ્ત કરીને મુક્તિનો અધિકારી બને છે.

અત્યંત ઉજ્જવળ શુભ્ર જ્યોતિરૂપ બની ~~જાય~~ જાય છે. પરમ સદગુરુ નું જ્ઞાન પ્રાપ્ત થતાં તે સહસ્ત્રદલ કમળમાં સ્થિત ઉજ્જવળ જ્યોતિ અથવા બુદ્ધિ-ગુફા માં સ્થિર રહેનારી જ્યોતિ અથવા તો તે સોળ કળાઓના અંદર વિદ્યમાન તુરીય ચૈતન્ય સ્વરૂપ અંતર્લક્ષ્ય હોય છે. આ દર્શન સદાચાર નું મૂળ છે.

**Do not keep important banking data in your mobile phone, email or purse.**

ગુરુ જ પરાકાષ્ઠા છે. ગુરુ જ પરમ ધન છે. જે શ્રેષ્ઠ ઉપદેશ કરે છે તે ગુરુથી ગુરુતર અર્થાત્ શ્રેષ્ઠતમ ગુરુ છે, એમ જાણવું જોઈએ.

ઇતિ સિદ્ધમ્.

# 07

July

| THU | FRI | SAT |
|---|---|---|
| 1 | 2 | 3 |
| 8 | 9 | 10 |
| 15 | 16 | 17 |
| 22 | 23 | 24 |
| 29 | 30 | 31 |

આજે હું બધાજ શ્રુતિઓનું જે ગુપ્ત રહસ્ય છે. તે તમને કહું છું તે સાંભળો. એના શ્રવણમાત્રથી જ તમે કળિયુગમાં સંસાર સાગર ને પાર કરી જશો.

Reminders

કલિસંતરણોપનિષદ.

ભગવાન આદિપુરુષ શ્રીનારાયણનાં ~~શ્રવણ માત્રથી જ તમે કળિયુગમાં~~ પવિત્ર નામનાં ઉચ્ચારણ માત્રથી મનુષ્ય કલિકાલનાં બધા દોષો નો નાશ કરે છે.

બ્રહ્માજી એ કહ્યું તે સોળ અક્ષરો વાળું નામ આ પ્રકારનું છે.

"હરે રામ હરે રામ રામ રામ હરે હરે.
હરે કૃષ્ણ હરે કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ હરે હરે.

આ રીતે આ સોળ નામ કલિકાલ નાં મહાન પાપો નો વિનાશ કરી શકવા સક્ષમ છે. એનાથી શ્રેષ્ઠ બીજો કોઈ ઉપાય ચાર વેદો માં દૃષ્ટિગોચર થતો નથી. આ સોળ નામ દ્વારા સોળ કલાઓથી આવૃત્ત જીવનાં આવરણ દૂર થઈ જાય છે. ત્યાર પછી જેમ મેઘ વિખરાઈ જતાં સૂરજ માં કિરણો પ્રકાશિત થવા લાગે છે, તેમ પરબ્રહ્મ નું સ્વરૂપ પણ દીપ્તિમાન થવા લાગે છે.

દેવર્ષિ નારદજી એ ફરી પ્રશ્ન કર્યો - હે પ્રભુ! આ મંત્રનામ ના જપ નો વિધિ શું છે.? બ્રહ્માજી એ કહ્યું - આ મંત્ર નો કોઈ વિધિ નથી. શુદ્ધ હોય કે અશુદ્ધ, દરેક સ્થિતિમાં આ મંત્ર નામનો સતત જપ કરનાર

| SAT | SUN | MON | TUE | WED |
|---|---|---|---|---|
| 3 | 4 | 5 | 6 | 7 |
| 10 | 11 | 12 | 13 | 14 |
| 17 | 18 | 19 | 20 | 21 |
| 24 | 25 | 26 | 27 | 28 |
| 31 | | | | |

મનુષ્ય સાલોક્ય, સામીપ્ય, સારૂપ્ય અને ~~સાયુ~~ સાયુજ્ય વગેરે બધા પ્રકારની મુક્તિ પ્રાપ્ત કરી લે છે. જ્યારે આ દાક્ષાઓળ નામ વાળા મંત્ર નો અડસઠ કરોડ જપ કરી લે છે. ત્યારે તે બ્રહ્મહત્યાનાં દોષ થી મુક્ત થઇ જાય છે. તે વીરહત્યા (અથવા ભાઇ ના હત્યા) નાં પાપ થી મુક્ત થઇ જાય મુક્ત થઇ જાય છે બધાં ધર્મોનાં ત્યાગનાં પાપથી તે તરતજ પરિશુદ્ધ થઇ જાય છે. તે શાશ્વતસ્વરૂપ મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

ઇતિ સિદ્ધમ

**Register your mobile number and email with your bank to get instant alerts.**

# 08

August

| SUN | MON | TUE |
|---|---|---|
| 1 | 2 | 3 |

Reminders

8 9 10

ગોપાલપૂર્વતાપિન્યુપનિષદ-

પાંચ પદો વાળો શુદ્ધ આ મંત્ર છે - 'ક્લીં કૃષ્ણાય ગોવિંદાય ગોપીજન-વલ્લભાય સ્વાહા.' તે પંચપદી તરીકે ઓળખાય છે. પૃથ્વી, આકાશ, સૂર્ય, ચંદ્રમા અને અગ્નિ વગેરેના પ્રકાશક હોવાને કારણે આ ચિન્મય મંત્ર પાંચ અંગોનું સંમિલિત રૂપ છે.

15 16 17

જે સાધક આ મંત્ર દ્વારા જપ અને ભજન-કીર્તન વગેરે કરે છે, તે પરબ્રહ્મમય ભગવાન શ્રીકૃષ્ણને પ્રાપ્ત કરે છે.

'ૐ નમો વિશ્વરૂપાય વિશ્વસ્થિત્યન્તહેતવે। વિશ્વેશ્વરાય વિશ્વાય ગોવિન્દાય નમો નમઃ।'

22 23 24

સમગ્ર જગત જેમનું સ્વરૂપ છે, જે જગતના પાલનકર્તા અને સંહારના એકમાત્ર કારણ છે. અને સ્વયં વિશ્વમય તથા જગતના એકમાત્ર અધિષ્ઠાતા છે, તેવા તે ભગવાન ગોવિંદને વારંવાર પ્રણામ છે.

29 30 31

નમો વિજ્ઞાનરૂપાય પરમાનંદરૂપિણે। કૃષ્ણાય ગોપીનાથાય ગોવિંદાય નમો નમઃ।

જે વિજ્ઞાનમય તથા પરમઆનંદમય છે. અને જે પ્રાણીમાત્રને પોતાના તરફ આકર્ષવામાં સંપૂર્ણ શક્તિમાન છે, તેવા તે ગોપસુંદરીઓના પ્રાણાધાર

TUE WED THU FRI SAT

ભગવાન્ શ્રી ગોવિંદને વારંવાર નમન છે.

"નમઃ કમલનેત્રાય નમઃ કમલમાલિને। નમઃ કમલનાભાય કમલાપતયે નમઃ।"

જે તેમનાં બંને નેત્રોમાં કમળના સુંદર આભાને ધારણ કરી રહ્યા છે, ગળામાં કમળપુષ્પોની માળા ધારણ કરી રહ્યા છે, જેમના નાભિ માંથી કમળ ઉત્પન્ન થયું છે, એવા તે ભગવાન કમલાપતિ શ્રી કૃષ્ણને નમસ્કાર છે.

બર્હીપીડાભિરામાય રામાયકુંઠમેધસે। રમામાનસહંસાય ગોવિંદાય નમો નમઃ।

જેમનાં મસ્તક ઉપર મોરપંછ સુશોભિત રહ્યું છે. જે શ્રીકૃષ્ણ માં બધાનું મન રમણ કરે છે. જેમના બુદ્ધિ અને સ્મરણશક્તિ ક્યારેય કુંઠિત નથી થતી અને જે રમા, ગોપસુંદરીઓ અને શ્રી રાધાજીનાં માનસ માં રાજહંસ છે. એવા તે ભગવાન ગોવિંદ ને વારંવાર પ્રણામ છે.

"કંસવંશવિનાશાય કેશિચાણૂરઘાતિને। વૃષભધ્વજ વંદ્યાય પાર્થ-સારથયે નમઃ"

જે કંસનાં વંશના વિનાશ કરનાર તથા કેશી અને ચાણૂર નાં ઘાતક છે. જે ભગવાન વૃષભધ્વજ. શિવનાં પણ વંદનીય છે. તે પાર્થસારથિ ભગવાન શ્રીકૃષ્ણ ને વારંવાર નમન-વંદન છે.

**Set usage limits for international and domestic transactions on your card. Use your card safely.**

# 09 September

WED 1 | THU 2 | FRI 3

વેણુવાદનશીલાય ગોપાલાયાહિમર્દિને ।
કાલિન્દીકૂલ લોલાય લોલકુણ્ડલ ધારિણે ॥
વલ્લવીવદનામ્ભોજમાલિને નૃત્યશાલિને ।
નમઃ પ્રણતપાલાય શ્રીકૃષ્ણાય નમો નમઃ ॥

Reminders

વાંસળી-(વેણું) વાદન જેમની સહજ વૃત્તિ છે
જે બધી ગાયો નાં પાલક છે

8 | 9 | 10

અને જે કાલિયનાગ નાં માન નું મર્દન કરવામાં સમર્થ છે, જે
કાલિન્દી નાં સુંદર તટ ઉપર કાલિયધારામાં નાગ નાં ફેણ પર
ચંચળ ગતિથી અવિરામ નૃત્ય લીલા માં મગ્ન છે, જેમનાં
કાન માં રહેલાં કુંડળ કાનમાં ડોલાયમાન ચમકી રહ્યાં છે.
જેમનાં શ્રીઅંગો ખિલેલાં

15 | 16 | 17

કમળ ના માળા થી શોભી રહ્યા છે. અને જે નર્તન માં
મગ્ન હોવાથી અત્યંત શોભી રહ્યા છે, તે શરણાગત
વત્સલ શ્રીકૃષ્ણને વારંવાર નમસ્કાર છે.
"નમઃ પાપપ્રણાશાય ગોવર્ધનધરાય ચ । પૂતનાજીવિતાન્તાય
તૃણાવર્તાસુહારિણે ॥"

22 | 23 | 24

જે ભગવાન શ્રીકૃષ્ણ પાપ અને પાપી અસુરો નાં વિધ્વંસક
છે. વ્રજવાસીઓ નાં રક્ષણ માટે પોતાનાં એક હાથના એક
આંગળી ઉપર ગોવર્ધન પર્વત ને ધારણ કરનાર છે
પૂતનાનાં પ્રાણો નો અંત કરનાર અને તૃણાવર્ત અસુર
નો સંહાર કરનાર છે. તે

29 | 30

ભગવાન શ્રીકૃષ્ણ ને નમસ્કાર છે.

નિષ્કલાય વિમોહાય શુદ્ધાયાશુદ્ધવૈરિણે ।
અદ્વિતીયાય મહતે શ્રીકૃષ્ણાય નમો નમઃ ॥

જે કલાઓ થી પર છે. જેમનાં માં મોહ નો સર્વથા અભાવ છે. જે
સ્વરૂપથી જ પરમ પવિત્ર અને શ્રેષ્ઠ છે. અશુદ્ધ સ્વભાવ

FRI | SAT | SUN | MON | TUE

અને આચરણવાળા અસુરોનો શત્રુ છે. તથા જેમનાથી અલગ

3 4 5 6 7

કોઈ જ નથી, તેવા મહાન 'ભગવાન શ્રીકૃષ્ણ'ને વારંવાર પ્રણામ છે.

પ્રસાદ પરમાનંદ પ્રસાદ પરમેશ્વર! આધિવ્યાધિભુજંગેન દષ્ટં મામુદ્ધર પ્રભો ॥

હે પરમ આનંદસ્વરૂપ પરમેશ્વર! આપ મારી ઉપર પ્રસન્ન થાવ.

10 11 12 13 14

હે પ્રભુ! મને આધિ, વ્યાધિ (માનસિક-શારીરિક) વ્યથા રૂપી સાપે એ ડંખ મારેલો છે. કૃપા કરીને આ વ્યથાઓ માંથી મારો ઉદ્ધાર કરો.

શ્રીકૃષ્ણ રુક્મિણીકાન્ત ગોપીજનમનોહર । સંસાર ~~સાગરે~~ સાગરે મગ્નં મામુદ્ધર જગદ્ગુરો ॥

17 18 19 20 21

હે શ્રીકૃષ્ણ! હે રુક્મિણીવલ્લભ! હે ગોપીઓનાં ચિત્તનું હરણ કરનાર શ્યામસુંદર! હું આ સંસારસાગરમાં ડૂબી રહ્યો છું હે જગદ્ગુરુ! આપ મારો ઉદ્ધાર કરો.

કેશવ ક્લેશહરણ નારાયણ જનાર્દન! ગોવિંદ પરમાનંદ

24 25 26 27 28

માં સમુદ્ધર માધવ.

હે કેશવ! હે ક્લેશ હરવામાં સમર્થ નારાયણ! હે જનાર્દન! હે પરમાનંદમય ગોવિંદ! હે માધવ! આપ કૃપા કરો, મારો ઉદ્ધાર કરો.

~~અથૈવં સ્તુતિભિરારાધયામાસ તથા યુતં પિતામહં કૃપયા:~~

**Change your online banking password and PIN regularly.**

શ્રીકૃષ્ણ ઉવાચ: સંસ્કૃતિ ~~[illegible]~~ તરિષ્યથેતિ કૈવલ્ય

કૈરવ્યાગાર્ભ:

હે શ્રેષ્ઠ મુનિઓ! જે રીતે હું [illegible] આ

# 10

October

FRI SAT SUN

Reminders

1 2 3

સ્તુતિઓ દ્વારા પરમેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ ની ઉપાસના કરું છું, તે રીતે તમે બધા પાંચ પદો થી યુક્ત ઉપર કહેલા અષ્ટાદશાક્ષર મંત્ર નો જપ અને ભગવાન શ્રીકૃષ્ણ નુ ધ્યાન કરતાં જઈ તેમના ઉપાસના આરાધના) માં નિરંતર મગ્ન રહો. એના દ્વારા સંસાર-સાગર માંથી પાર થઈ જશો.

8 9 10

જે એક મનુષ્ય આ મંત્ર નો નિરંતર જપ અને ભગવાન શ્રીકૃષ્ણ નું ચિંતન કરે છે તે ચોક્કસ ભગવાનનાં તે અનુપમ પરમ અવિનાશી પદ ને પ્રાપ્ત કરી લે છે. તે પરમપદ નાશવંત ~~છે~~ નથી પરંતુ નિત્ય તથા સ્થિર છે. તેમ છતાં, પણ તે મનથી વધુ તીવ્ર

15 16 17

ગતિ વાળું છે. ભગવાનમય ઉપાસના જ તે અદ્વિતીય છે. ત્યાં દેવતા કે વાયુ વગેરે ઇન્દ્રિયો ક્યારેય પહોંચી શકતા નથી. ઇન્દ્રિયો ની જ્યાં સુધી ગતિ છે ત્યાં પહેલાંથી જ તે પહોંચી ગયું હોય છે. તેથી ભગવાન શ્રીકૃષ્ણ જ પરમ શાશ્વત દેવ છે. તે ભગવાન નું સતત ચિંતન કરતાં રહેવું

22 23 24

જોઈએ. મંત્ર જાપ દ્વારા તેમનાં નામ-રૂપ અમૃત નું સતત રસાસ્વાદન કરવું જોઈએ. અને તે ભગવાન નું નિયમિત ભજન કરતાં રહેવું જોઈએ. તેમનાં ભજન માં જ સદૈવ મગ્ન રહેવું જોઈએ. ૐ (પરમાત્મા) જ સત્ય છે.

29 30 31

~~આમ~~ આનું પંચપદં મંત્રમાવર્તયેદ્યઃ સ યાત્યનાયાસતઃ કેવલં તત્પદં તત્

અનેજદેકં મનસો જવીયો નૈનદ્દેવા આપ્નુવન્પૂર્વમર્ષદિતિ. તસ્માત્કૃષ્ણ એવ પરમો દેવસ્તં ધ્યાયેત્ તં રસયેત્ તં ભજેત્ તં ભજેદિત્યોં તત્સદિત્યુપનિષત્ ॥ ઇતિ શાંતિ: ॥

| MON | TUE | WED | THU |
| --- | --- | --- | --- |
| 4 | 5 | 6 | 7 |
| 11 | 12 | 13 | 14 |
| 18 | 19 | 20 | 21 |
| 25 | 26 | 27 | 28 |

તુલસ્યુપનિષદ

- જે અમૃત માંથી ઉદ્ભવેલી, અમૃતરસવાળી મંજરી યુક્ત અનંત રસોનો ભોગ કરાવનારી, પરમ વૈષ્ણવરૂપ ભગવાન વિષ્ણુને પ્રિય જન્મ-મૃત્યુરૂપ આવાગમન નો નાશ કરનારી, દર્શનમાત્રથી પાપનો નાશ કરનારી, સ્પર્શમાત્રથી પવિત્ર કરનારી, અભિવાદન કરવાથી રોગનો નાશ કરનારી, સેવન કરવાથી મૃત્યુનો નાશ કરનારી, પૂજનમાં વિષ્ણુને અર્પણ કરવાથી સંકટો નું નિવારણ કરનારી, ભક્ષણ કરવાથી પ્રાણશક્તિ આપનારી, પ્રદક્ષિણા કરવાથી દારિદ્રયનો નાશ કરનારી, મૂળ માંથી માટીનો લેપ કરવાથી મહાપાપો નો વિનાશ કરનારી, ઘ્રાણેન્દ્રિય થી તૃપ્ત થતાં શરીર ના અંદર ના ~~મલ~~ મળ ને દૂર કરનારી તેને જે આ રીતે જાણે છે. તે વૈષ્ણવ બને છે. ~~[illegible]~~ બિનજરૂરી તુલસી ન તોડવા. રાત્રે સ્પર્શ ન કરવો. પર્વસમયે ન તોડવી. તે ~~તુલસીરૂપા~~ અમૃતરૂપા શ્રી તુલસીને નમસ્કાર છે. વિષ્ણુ ભગવાનને પ્રિય તુલસીને સ્વાહા. અમૃતરૂપા શ્રી તુલસી ને સ્વાહા. વિષ્ણુપ્રિયા શ્રી તુલસી નું અમે ધ્યાન ધરીએ છીએ.

ઇતિ શાંતિ:॥

**Never respond to 'Request Money' option from unknown sources.**

મનુમંત્રો - દક્ષિણામૂર્ત્યુપનિષદ .

FRI | SAT | SUN | MON | TUE

3 | 4 | 5 | 6 | 7

ૐ નમો ભગવતે દક્ષિણામૂર્તયે મહ્યં મેધાં પ્રજ્ઞાં પ્રયચ્છ સ્વાહા |
ૐ દક્ષિણામૂર્તિરીશ્વર ૐ |
ૐ બ્લૂં નમો હ્રીં ઐં દક્ષિણામૂર્તયે જ્ઞાનં દેહિ સ્વાહા |

10 | 11 | 12 | 13 | 14

ૐ હ્રીં શ્રી સાંબશિવાય તુભ્યં સ્વાહા .
ૐ નમો ભગવતે તુભ્યં વટમૂલવાસિને વાગીશાય મહાજ્ઞાન દાયિને માયિને નમઃ

17 | 18 | 19 | 20 | 21

મૌનમુદ્રા - તે પરમાત્મા હું જ છું , એ ભાવ ની પૂર્ણ સ્થિરતા મૃત્યુ પર્યંત બની રહે તે નિષ્ઠા :
મનુમંત્રોને પરબ્રહ્મ થી અભિન્ન ગણીને વારંવાર ઉચ્ચારણ કરવું નિરંતર જપ કરવો એ જ્ઞાન નું સાધન છે.

24 | 25 | 26 | 27 | 28

તે પરમાત્મામાં એકાગ્રચિત્ત થી ધ્યાન લગાવવું . ઉપકરણ / સામગ્રી છે
બ્રહ્મ ને પ્રકાશિત કરી દેનારી તત્ત્વજ્ઞાનરૂપિણી બુદ્ધિ ને જ દક્ષિણા કહી છે. તે જ બ્રહ્મ સાક્ષાત્કાર ને માટેનું દ્વાર, મુખ છે તે દક્ષિણામુખ શિવતત્ત્વ છે.

31

**Cyber scams will take you by surprise...**
**don't click on unknown links.**

Date:

Mon . Tue . Wed . Thu . Fri . Sat . Sun

ૐ અથાત ચાક્ષુષી પઠીત સિદ્ધવિદ્યા ચક્ષુરોગ હરા
વ્યાખ્યાસ્યામઃ।
યચ્ચક્ષુરોગાઃ સર્વતો નશ્યંતિ। ચાક્ષુષી દીપ્તીર્ભવિષ્યતિ।
ઇતિ। તસ્યા ચાક્ષુષી વિદ્યાયા અહિર્બુધ્ન્ય ઋષિઃ। ગાયત્રી છન્દઃ।
સૂર્યો દેવતા। ચક્ષુરોગ નિવૃત્તયે જપે વિનિયોગઃ।
ૐ ચક્ષુઃ ચક્ષુઃ ચક્ષુઃ તેજઃ સ્થિરો ભવ।
મા પાહિ પાહિ। ત્વરિતં ચક્ષુરોગાન્ શમય શમય।
મમ જાતરૂપં તેજો દર્શય દર્શય। યથા અહં અંધો
ન સ્યાં તથા કલ્પય કલ્પય। કલ્યાણં કુરુ કુરુ।
યાનિ મમ પૂર્વજન્મો ઉપાર્જિતાનિ ચક્ષુઃ પ્રતિરોધક
દુષ્કૃતાનિ સર્વાણિ નિર્મૂલય નિર્મૂલય।
ૐ નમઃ ચક્ષુસ્તેજો દાત્રે દિવ્યાય ભાસ્કરાય।
ૐ નમઃ કરુણાકરાય અમૃતાય। ૐ નમઃ સૂર્યાય।
ૐ નમો ભગવતે સૂર્યાય અક્ષિતેજસે નમઃ। ખેચરાયનમઃ।
મહતે નમઃ। રજસે નમઃ। તમસે નમઃ। અસતો મા સદ્ગમય।
તમસો મા જ્યોતિર્ગમય। મૃત્યોર્મા અમૃતં ગમય।
ઉષ્ણો ભગવાઞ્છુચિરૂપઃ। હંસો ભગવાન્ શુચિર્ પ્રતિરૂપઃ।
ય ઇમા ચક્ષુષ્મતીવિદ્યાં બ્રાહ્મણો નિત્યમ-ધીતે ન
તસ્ય અક્ષિરોગો ભવતિ। ન તસ્ય કુલે અંધો
ભવતિ। અષ્ટૌ બ્રાહ્મણાન્ ગ્રાહયિત્વા વિદ્યાસિદ્ધિર્ભવતિ॥
૨

Date:
Mon . Tue . Wed . Thu . Fri . Sat . Sun

હવે પાઠમાત્રથી સિદ્ધ થનારી ચાક્ષુષી વિદ્યાની વ્યાખ્યા કરીએ છીએ. આ વિદ્યા આંખના રોગોને સંપૂર્ણ રીતે નાશ કરવામાં સમર્થ છે. એનાથી આંખો તેજોમય બની જાય છે. આ ચાક્ષુષી વિદ્યાનાં મંત્રદ્રષ્ટા ઋષિ અહિર્બુધ્ન્ય છે. છંદ ગાયત્રી છે. અને દેવતા સૂર્ય (સવિતા) છે. નેત્રરોગનાં નિવારણ માટે એનો વિનિયોગ કરવામાં આવે છે.

હે ચક્ષુનાં અભિમાની દેવતા સૂર્ય! આપ ચક્ષુમાં ચક્ષુનાં તેજોમય રૂપમાં સ્થિર થાઓ. આપ મારી રક્ષા કરો. રક્ષા કરો. નેત્રરોગોનું જલ્દીથી શમન કરો. શમન કરો. મને આપનું સુવર્ણ જેવું દિવ્ય તેજ દેખાડો. હું અંધ ન થાઉં તેવું કંઈક કરો. ઉપાય કરો. અમારું કલ્યાણ કરો. કલ્યાણ કરો. પૂર્વજન્મમાં મેં કરેલાં પાપો કે જે દર્શનશક્તિનાં અવરોધક છે, તે બધાનો સમૂળ નાશ કરો. નેત્રોને દિવ્ય તેજોમય બનાવનાર દિવ્યપ્રકાશસ્વરૂપ ભગવાન ભાસ્કરને નમસ્કાર છે. ૐકારરૂપ ભગવાન કરુણામય અમૃતસ્વરૂપને નમસ્કાર છે. સૂર્યદેવતાને નમસ્કાર છે. નેત્રનાં તેજરૂપ ભગવાન સૂર્યને નમસ્કાર છે. આકાશમાં વિચરણ કરનાર ભગવાન સૂર્યને નમસ્કાર. મહાન શ્રેષ્ઠતમ સ્વરૂપ (સૂર્ય)ને નમસ્કાર. રજોગુણ સ્વરૂપ (બધામાં ક્રિયા ઉત્પન્ન કરનાર) ભગવાન સૂર્યને નમસ્કાર. તમોગુણને આશ્રય આપનાર ભગવાન સૂર્યને નમસ્કાર. હે ભગવાન! આપ અમને અસત્‌થી સત્ તરફ લઈ જાઓ. અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાઓ. મૃત્યુથી અમૃત તરફ લઈ જાઓ. ઉષ્ણસ્વરૂપ ભગવાન સૂર્ય શુદ્ધસ્વરૂપ છે. હંસમય ભગવાન સૂર્ય શુચિ અને અપ્રતિમરૂપ છે. તે સવિતાદેવનાં તેજોમય રૂપની તુલના કરનાર બીજું કોઈ છે જ નહીં. જે વિદ્વાન મનીષી બ્રાહ્મણ આ ચાક્ષુષીવિદ્યાનો નિત્ય પાઠ કરે છે. તેને નેત્રને લગતાં કોઈપણ રોગ થતા નથી. તેનાં કુળમાં કોઈ અંધ થતું નથી. આ વિદ્યા આઠ બ્રાહ્મણો (બ્રાહ્મણોને) ને ગ્રહણ કરાવવાથી તે વિદ્યા સિદ્ધ થઈ જાય છે.

Date:
Mon . Tue . Wed . Thu . Fri . Sat . Sun

ૐ વિશ્વરૂપં ઘૃણિનં જાતવેદસં । હિરણ્મયં પુરુષં જ્યોતિરૂપં તપન્તમ્ ।
વિશ્વસ્ય યોનિં પ્રતપન્તમુગ્રં પુરઃ પ્રજાનામુદયત્યેષ સૂર્યઃ ॥૨॥

ભગવાન ભાસ્કર સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સમગ્ર જગત જેમનું સ્વરૂપ છે, જે જ્ઞાનેય કિરણને ભજનારા તથા પોતાનાં કિરણોથી શોભાયમાન છે, જે પ્રકાશસ્વરૂપ, હિરણ્યમય પુરુષરૂપે તપી રહ્યા છે, આ સમગ્ર વિશ્વને ઉત્પન્ન કરનારા છે, તે પ્રચંડ પ્રકાશયુક્ત ભગવાન સવિતાદેવતાને અમે બધા નમસ્કાર કરીએ છીએ. આ ભગવાન સૂર્ય બધા પ્રજાઓની સામે પ્રત્યક્ષરૂપે ઉદય પામે છે.

ૐ નમો ભગવતે આદિત્યાય અહોવાહિન્ય અહોવાહિની સ્વાહા ।
ૐ વયઃ સુપર્ણા ઉપસેદુરિન્દ્રં પ્રિયમેધા ઋષયો નાધમાનાઃ ।
અપધ્વાન્તમૂર્ણુહિ પૂર્ધિ ચક્ષુર્મુમુગ્ધ્યસ્માન્નિધયેવ ~~બદ્ધાન~~ બદ્ધાન ।
પુણ્ડરીકાક્ષાય નમઃ । પુષ્કરેક્ષણાય નમઃ । અમલેક્ષણાય નમઃ ।
વિશ્વરૂપાય નમઃ મહાવિષ્ણવે નમઃ ॥૩॥

ભગવાન આદિત્યને નમસ્કાર છે. તે ભાસ્કરદેવની પ્રભા દિવસને વહન કરનારી છે. અમે તે સૂર્યદેવને માટે શ્રેષ્ઠ આહુતિઓ આપીએ છીએ. મેધા જેમને પ્રિય છે તેવાં બધા ઋષિઓ શ્રેષ્ઠ પાંખોવાળા પક્ષીઓના રૂપમાં ભગવાન સૂર્યદેવની સામે ઉપસ્થિત થઈને આ રીતે નિવેદન કરવા લાગ્યા- હે ભગવન્! આ અજ્ઞાનરૂપી અંધકારને અમારાથી દૂર કરો. અમારા નેત્રોને પ્રકાશથી ભરી દો અને તમોમય બંધન માં જકડાયેલાં અમને તમારું દિવ્યતેજ આપી મુક્ત કરો. અમારા નેત્રોને પ્રકાશથી ભરી દો અને તમોમય બંધન માં જકડાયેલાં અમને તમારું દિવ્યતેજ આપી મુક્ત કરો. પુંડરીકાક્ષ ભગવાનને નમસ્કાર છે. પુષ્કરેક્ષણને નમસ્કાર છે. અમલેક્ષણને નમસ્કાર છે. કમલેક્ષણને નમસ્કાર છે. વિશ્વરૂપને નમસ્કાર છે. ભગવાન મહાવિષ્ણુને નમસ્કાર છે.

ઇતિ શાન્તિઃ